# Amul Green Award - 2021

બનાસ ડેરીને વધુ એક વખત એવોર્ડથી સન્માનિત કરાઈ

## વૃક્ષારોપણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ બનાસ ડેરીને 'અમૂલ ગ્રીન એવોર્ડ'

**બનાસકાંઠાને હરિયાળો જિલ્લો બનાવવા ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સંકલ્પ લીધો છે**



(રખેવાળ ન્યૂઝ) ડીસા, તા.૩

બનાસકાંઠા જિલ્લામાં આવનારા દસ વર્ષમાં દસ કરોડ વૃક્ષોનું વાવેતર કરીને તેનું જતન કરવાના લક્ષ્ય સાથે જિલ્લો હરિયાળો જિલ્લો બને તે દિશામાં બનાસ ડેરી સાથે સંકળાયેલા લાખો પશુપાલકો આગળ વધી રહ્યા છે ત્યારે આજે ગુજરાત મિલ્ક માર્કેટીગ ફેડરેશન (GCMMF) આણંદ ખાતે બનાસડેરીને "અમૂલ ગ્રીન એવોર્ડ ફોર બેસ્ટ પર્ફોમન્સ ઈન ટ્રી પ્લાન્ટેશન ૨૦૨૦-૨૧" થી સન્માનિત કરવામાં આવી હતી. જ્યાં બનાસ ડેરી વતીથી ઈ.એમ.ડી. સંગ્રામભાઈ ચૌધરીએ એવોર્ડ સ્વીકાર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, વૃક્ષારોપણ થકી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો જિલ્લો બનાવવા અમારી બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સંકલ્પ લીધો છે તેમના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પશુપાલકો અને દૂધ મંડળીઓ થકી મોટાપાયે વૃક્ષારોપણ અભિયાન ચાલી રહ્યું છે. "અમૂલ ગ્રીન એવોર્ડ" થી અમે સન્માનિત થતાં ચેરમેનનો સંકલ્પ સિદ્ધ થઈ રહ્યો છે.